### અમદાવાદ સહિત ચાર મ્યુ. કોર્પોરેશનની શાળાઓમાં

# 'મૂછાળી મા'ની આદર્શ શિક્ષણ પધ્ધતિ વિદ્યાર્થીઓની કચાશ દૂર કરશે

અમદાવાદ, ગુરૂવાર

રાજ્યમાં આવેલી મ્યુનિસિપલ કોર્પોરેશન સંચાલીત પ્રાથમિક શાળાઓના ધોરણ ૩થી ૭માં અભ્યાસ કરતા અને લખવા-વાંચવામાં નબળા એવા ૬૦ હજારથી વધુ વિદ્યાર્થીઓની અભ્યાસ ક્ષમતામાં અભિવૃધ્ધી કરવા 'મુછાળી માં'ની પ્રાથમિક શિક્ષણ માટેની આદર્શ શિક્ષણ પધ્ધતિનો આશરો લેવો પડયો છે. અમદાવાદ સહિત રાજ્યની ચાર મ્યુ. કોર્પોરેશનની પ્રાથમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે આગામી ફેબ્રુઆરીના પ્રથમ અઠવાડિયાથી શરૂ થતા લેખન, વાંચન અને ગણન ક્ષમતા અભિવૃધ્ધિ અભિયાનમાં ગીજુભાઈ બધેકાની શિક્ષણ પધ્ધતિ દ્વારા નબળા વિદ્યાર્થીઓમાં રહેલી કચાશ દૂર કરાશે.

## ફેબ્રુઆરી મહિનામાં અમદાવાદ, રાજકોટ, સુરત અને ભાવનગરમાં અભિયાન શરૂ કરાશે

ગુજરાત શૈક્ષણિક સંશોધન તાલીમ પરીષદ દ્વારા હાથ ધરાયેલા સર્વેમાં એવી વિગતો બહાર આવી હતી કે ધો. ૩થી ૭માં અભ્યાસ કરતા અંદાજે સાડા આઠ લાખ વિદ્યાર્થીઓમાં લખવા, વાંચવા અને ગણીતના દાખલા ગણવામાં કચાશ રહેલી છે. આ પૈકી કોર્પોરેશન અને નગરપાલિકા સંચાલીત પ્રાથમિક શાળાઓમાં નબળા વિદ્યાર્થીઓ સવિશેષ જોવા મળ્યા હતા. જેમની પાયાની ક્ષમતાઓ વિકસાવવા માટે સઘન અભિયાનની જરૂરીયાત જણાઈ હતી. અમદાવાદ મ્યુ. કોર્પોરેશન સંચાલીત પ્રાથમિક શાળાઓમાં ધો. ૩થી ૭માં અંદાજે ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ, સુરત મ્યુ. શાળાઓના ૧૫,૦૦૦ વિદ્યાર્થીઓ, રાજકોટ મ્યુ. શાળાઓના ૧૦,૪૯૫, ભાવનગર મ્યુ. શાળાઓના ૪૦૦૦, જામનગર મ્યુ. શાળાઓના ૨,૯૨૭ અને વડોદરા મ્યુ. શાળાઓના ૯,૫૦૦ વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા હોવાની વિગતો બહાર આવી છે. ગ્રામ્ય કરતા શહેરી વિસ્તારમાં મ્યુ. શાળાઓમાં મજૂર વર્ગના વિદ્યાર્થીઓ વધુ આવે છે જેઓને આર્થિક કારણોસર મજૂરી કરવી પડે છે. અથવા તો નાના ભાઈ બહેનને ઘરે સાચવવા રહેવું પડે છે જેના કારણે આ વિદ્યાર્થીઓ નિયમીત શાળાએ જતા નથી જેથી તેઓ અભ્યાસમાં નબળા હોય છે.

આ વિદ્યાર્થીઓના અભ્યાસમાં અભિવૃધ્ધિ થાય તે માટે 'મુછાળી મા' તરીકે જાણીતા એવા ગીજુભાઈ બધેકાની પ્રાથમિક શિક્ષણ પધ્ધતિ અપનાવવાનો નિર્ણય કરવામાં આવ્યો હતો. ભાર વગરના ભણતરની વાત ગીજુભાઈએ વર્ષો અગાઉ કરી હતી જેનો અમલ આજે નબળા વિદ્યાર્થીઓ માટે થઈ રહ્યો છે. તેમની શિક્ષણ પધ્ધતિ એવી સરળ છે કે વિદ્યાર્થીઓ સહેલાઈથી તેમનો અભ્યાસ સુધારી રહ્યાં છે. અને તેના સારા પરિણામો જોવા મળ્યાં છે. તાજેતરમાં ગુજરાત વિદ્યાપીઠમાં કોર્પોરેશન અને નગરપાલીકાઓના શિક્ષણ વિભાગના અધિકારીઓની એક કાર્યશીબીર યોજાઈ હતી જેમાં આગામી તા. ૫ ફેબ્રુઆરીથી ૧૦ દિવસ માટે અમદાવાદ, ભાવનગર, રાજકોટ અને સુરત મ્યુ. શાળાના નબળા વિદ્યાર્થીઓની કચાશ દૂર કરવા વાંચન, લેખન, અને ગણન ક્ષમતા અભિવૃધ્ધિ અભિયાન શરૂ કરવાનો નિર્ણય કરાયો છે અને તેનું આયોજન કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે જી.સી.ઈ.આર.ટી. દ્વારા રાજ્યના ૧૬ જિલ્લાઓમાં સફળતાપૂર્વક અભિયાન પૂરૂં થયું હોવાનું જી.સી.ઈ.આર.ટી.ના સૂત્રોએ જણાવ્યું હતું.

# રાજ્યના ક્યા વિસ્તારમાંથી કેટલી ટોકન રકમ આવી

અમદાવાદ, ગુરૂવાર

ગુજરાત હાઉસીંગ બોર્ડની કોલોનીઓમાં રહેતા અને બાકી હપ્તા નહી ભરનાર રહીશો પૈકી ક્યા વિસ્તારમાંથી કેટલા રહીશો નવી પેકેજ યોજનામાં જોડાયા અને કેટલી રકમ ટોકન તરીકે જમા કરાવી તેની વિગત નીચે મુજબ છે.

| વિસ્તાર | જોડાયેલા રહીશો | જમા કરાવેલી ટોકન રકમ |
|---|---|---|
| અમદાવાદ-૧ | ૨૭૦૮ | રૂ. ૧૧૪.૩૫ લાખ |
| અમદાવાદ-૨ | ૭૨૧૭ | રૂ. ૭૩૫.૯૯ લાખ |
| વડોદરા | ૭૯૭ | રૂ. ૮૩.૦૧ લાખ |
| સુરત | ૩૦૭ | રૂ. ૫૫.૪૦ લાખ |
| રાજકોટ | ૧૫૧ | રૂ. ૧૪.૩૮ લાખ |
| ભાવનગર | ૯૨૯ | રૂ. ૧૨૬.૨૦ લાખ |

અત્રે ઉલ્લેખનીય છે કે અમદાવાદ-૧ વિસ્તારમાં અમદાવાદ પૂર્વમાં આવેલી હાઉસીંગની કેટલીક કોલોનીઓ અને ઉત્તર ગુજરાતની કોલોનીઓનો સમાવેશ થાય છે.

# અમદાવાદ મ્યુ. કોર્પોરેશનની શાળાઓમાં ૨૦ હજાર જેટલા વિદ્યાર્થીઓ અભ્યાસમાં નબળા